# Mahadhikar

***a citizens' intiative***

# મહાધિકાર
**નાગરિકોનાંઅધિકાર**

Civil Society's crusade to promote the Right to information in Maharashtra   મહારાષ્ટ્રનાં સતેજ નાગરિકોના માહિતીના અધિકારો માટેનો આગ્રહ



Patrons આશ્રયદાતે । Mr. Julio Ribeiro, IPS (retd.) **શ્રી જુલિયો રિબેરો** । Mr. Shailesh Haribhakti **શ્રી શૈલેષ હરિભક્તિ**


## સંક્ષિપ્ત અહેવાલ

x

મહારાષ્ટ્ર માહિતી અધિકાર કાયદો, ૨૦૦૨ (Mah. Act. No. XXXI-2003) (MRTI) મહારાષ્ટ્ર સરકારના ગેઝેટિયરમાં ૧૧, ઑગસ્ટ, ૨૦૦૩ ના દિવસે પ્રગટ થયો પરંતુ ૨૩ સપ્ટેમ્બર ૨૦૦૨ થી એ લાગુ થયો છે.

MRTI નો ઉપયોગ રાજ્યના નાગરિકોમાં ઝડપથી પ્રસારિત થઈ રહ્યો છે. MRTI ના સરળ અમલીકરણ માટે મંત્રાલયના રાજ્યકક્ષાના સલાહકાર કાઉન્સિલ અને વિભાગીય સ્તરે વિભાગીય કાઉન્સિલ કાર્યરત છે.

સાથેજ, MRTI ના અસરકારક ઉપયોગ માટે અને તેના વિકાસ માટે સંકળાયેલા આપણામાંના કેટલાંક નાગરિકોને લાગ્યું કે આ કાયદાના માર્ગમાં આવતા અવરોધોને દૂર કરવા માટે નાગરિક - તરફેણ મંચ ઊભો કરવો જે સરકાર સાથે અનુસંધાન પામી અવરોધોને દૂર કરવામાં મદદરૂપ નીવડે. જે નાગરિકો આ કાયદાનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા માંગતા હોય તેમને MRTI વિશે વધુ પ્રચાર કરવા માટે સરકાર સાથે ચર્ચા વિચારણા કરી 'જનસુનવાઈ' (જનતાની અદાલત) પોતીકા પ્રશ્નોનું તર્કબધ્ધ નિરાકરણ MRTI ના ઉપયોગ દ્વારા લાવવા.

આ નવા અનૌપચારિક **'મહાધિકાર'** નામના સંગઠનને કોઈ નિશ્ચિત માળખું નથી પરંતુ આ એક સ્વતંત્ર ચળવળ છે જે બીજા અનેક સંગઠનોથી અલગ એવું સંગઠન છે. જેમાં બીજા અનેક સંગઠનોના કાર્યકરો આ ચળવળમાં સામેલ થાય એવું ઈચ્છીએ છીએ. સમન્વયક અને જિલ્લા સમન્વયકો માર્ફત **'મહાધિકાર'** પ્રચાર નું કાર્ય ઝડપથી આગલ વધારી રહ્યું છે.

શરૂઆતમાં, **'મહાધિકાર'** માહિતીના અધિકાર (MRTI ) સાથે કાર્યરત રહેશે અને પછી ગ્રાહક - સંરક્ષણ (ગ્રાહક સંરક્ષણ કાયદો - ૧૯૮૬) માટે વિચારોને અમલમાં મૂકાશે. **'મહાધિકાર'** આ એક એવું જવાબદાર નાગરિકોનું સંગઠન છે જે કાયદેસર નિયમોને ચુસ્તીપણે અમલમાં મૂકવામાં માને છે. અને પ્રૌઢ, પરિપક્વ વિચારોની આપ - લે અથવા આદાન-પ્રદાનમાં માને છે. તે કાયદાકિય પ્રશાસનના મિત્ર બનવામાં માને છે પરન્તુ આશ્રિત નહીં. **'મહાધિકાર'**ને સમગ્ર મહારાષ્ટ્રમાંથી કાર્યકરો બનાવવાની ઈચ્છા છે.

www.mahadhikar.org એ વેબસાઈટ MRTI અને ગ્રાહક સંરક્ષણને સમર્પિત છે. ભવિષ્યમાં ૧) ચેટ બોર્ડ ૨) મરાઠી, હિંદી અને ગુજરાતીમાં માહિતી અને ૩) કેસનું વિશ્લેષણ આ વેબસાઈટ દ્વારા કરવામાં આવશે. **'મહાધિકાર'** અસરકારક અને જવાબદારીપૂર્ણ MRTI ના ઉપયોગ માટે ઓનલાઈન મદદ અને માર્ગદર્શન આપવા પણ કટિબધ્ધ છે.

**'મહાધિકાર'** એ નાગરિકો / સંસ્થાઓ / સંગઠનો તેમ જ કેળવાણીકારો માટે ઘણી કાર્યશાળાઓ યોજી છે તેમ જ સામાજિક કાર્યકર્તા / સરકારી અધિકારીઓ માટે તાલીમ કાર્યશાળાઓ યોજી છે જેની સૂચિ આ સાથે સંલગ્ન છે.

**'મહાધિકાર'** એક પછી એક સામાજિક સંસ્થાઓ, રસધરાવતા નાગરિકો , બીન સરકારી સંસ્થાઓ, સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓ તેમ જ જાહેરાતક્ષેત્રમાં અને સરકારમા કામ કરતા અધિકારીઓના હીત માટે માહિતીસત્રો, કાર્યશાળાઓનું આયોજન કરી શકે છે. આવા (one-to-one clinic) માહિતીસત્ર શનિવારે વાંદ્રા (પ) અને જુહુની સામાજિક સંસ્થાઓમાં યોજવામાં આવે છે. વધુ જાણકારી કાર્યશાળા સૂચિ મા મલશે.

**'મહાધિકાર'** આવી ઘણી કાર્યશાળા, માહિતી સત્ર યોજવા ઈચ્છે છે. જે સંસ્થા, સંગઠોનો અથવા સરકારી દફ્તરો આવી કાર્યશાળા યોજવા ઈચ્છિતાં હોય તો **'મહાધિકાર'**નો સંપર્ક સાધવો.

---

**મુંબઈ - ૫ જાન્યુઆરી ૨૦૦૫**


**કેવલ સેમલાની**
**સમન્વયક**

પર, જૉલી મેકર ચેમ્બર નં. ૨, નરીમાન પૉઈન્ટ, મુંબઈ - ૪૦૦ ૦૨૧.ફોન : (૦૨૨) ૨૨૮૨૪૧૦૮ ઈમેલ : info@mahadhikar.org